સુવિચાર : દાન આપીને તમારે ખુશ થવું જોઈએ, કારણ કે મુસીબત કદી પણ દાનની દિવાલ કૂદી શકતી નથી - શેખ સાદી

તાપમાન
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૭ | ૨૯ જાન્યુઆરી, ૨૦૧૬, શુક્રવાર ; પોષ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- રેલવે જનરલ ટિકિટ માત્ર ત્રણ કલાક વેલિડ
- ચોખા નિકાસના મામલામાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમાંકે
- નીતીશના રાજમાં લાલુના અચ્છે દિન : એક કેસ બંધ
- ઝારખંડ : નક્સલી હુમલામાં ૭ પોલીસ જવાન શહીદ થયા
- ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે મેલબોર્નમાં ટ્વેન્ટી જંગ રમાશે
- આદર્શ કાંડ : અશોક ચવાણ સામે ખટલો ચલાવવા માંગ
- દુનિયાના ૫૦ સૌથી અમીરમાં મુકેશ અંબાણી, પ્રેમજી સામેલ
- તપાસમાં સંપૂર્ણ સહકાર કરવા સુપ્રીમ કોર્ટનો તિસ્તાને કડક આદેશ

# સુરત-અમદાવાદ પ્રથમ ૨૦ સ્માર્ટસિટીમાં પસંદ

### અર્બન મોબિલીટી-આઈટી કનેક્ટીવિટીને પ્રાથમિકતા : વિકાસ-પ્લાનિંગના આધાર પર ૯૭ શહેરો વચ્ચે સ્પર્ધા કરાવવામાં આવ્યા બાદ ૨૦ શહેરોની પસંદગી : બીજા તબક્કામાં વધારે ૪૦ શહેરોની પસંદગી

નવીદિલ્હી,તા. ૨૮

મોદી સરકારે ૨૦ શહેરોના નામની જાહેરાત કરી હતી. જે શહેરોને સ્માર્ટસિટી બનાવવામાં આવશે. ગુજરાતના બે શહેરોને આમા જગ્યા મળી ગઈ છે જે ખુબ મહત્વપૂર્ણ બાબત છે. ગુજરાતના જે બે શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં સુરત અને અમદાવાદનો સમાવેશ થાય છે. પ્રથમ તબક્કામાં સુરત અને અમદાવાદને પણ સ્માર્ટસિટી તરીકે વિકસિત કરવામાં આવશે. સ્માર્ટસિટીની યાદીમાં આ બંને શહેરોને સ્થાન મળતા આ શહેરો વધુ ઝડપથી વિકસિત કરવામાં આવનાર છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની મહત્વકાંક્ષી યોજના હેઠળ દેશમાં ૧૦૦ સ્માર્ટસિટી વિકસિત કરવાની જાહેરાત અગાઉ કરી હતી. જેના ભાગરુપે હવે પ્રથમ તબક્કામાં ૨૦ શહેરોની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદ અને સુરતને સ્માર્ટસિટી તરીકે વિકસિત કરવામાં આવનાર છે જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન અપાશે. અસરકારક શહેરી મોબીલિટી, જાહેર પરિવહન, આઈટી કનેક્ટીવીટી, ઈ-ગવર્નન્સને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવનાર છે.

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે સ્માર્ટસિટી પ્લાનની આજે જાહેરાત કરવામાં આવી હતી. સ્માર્ટસિટી પ્લાન હેઠળ ૨૦ શહેરોના નામની આજે જાહેરાત કરવામાં આવી હતી. આ શહેરોમાં આગામી પાંચ વર્ષમાં સ્માર્ટસિટી બનાવવામાં આવશે. પાંચ રાજ્યના પાટનગરને પણ

● અનુસંધાન પાન-૭ પર

### પ્રથમ તબક્કાના કયા કયા ૨૦ શહેર

સરકારે ૨૦ સ્માર્ટસિટીની યાદી જાહેર કરી છે. આ ૨૦ સ્માર્ટસિટીની યાદીમાં ભુવનેશ્વર, પુણે, જયપુર, સુરત, કોચ્ચી , અમદાવાદ, જબલપુર, વિશાખાપટ્ટનમ, સોલાપુર, ધવનગીરી, ઈન્દોર, એનડીએમસી, કોઈમ્બતુર, કાકીનાડા, બેલગામ, ઉદયપુર, ગુવાહાટી, ચેન્નાઈ અને લુધિયાણા તેમજ ભોપાલનો સમાવેશ થાય છે.



# ગુજસીકોક બિલ રાષ્ટ્રપતિએ પુનઃ પરત મોકલી દીધું

### સતત ત્રીજી વખત રાષ્ટ્રપતિએ બિલ પરત કર્યું : બિલમાં જટિલ જોગવાઈ હોવાના કારણે અગાઉ બે વખત બિલને પરત મોકલી દેવાયું હતું : સુધારાઓ કરવા સૂચન

ગાંધીનગર, તા. ૨૮

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં ચર્ચાસ્પદ ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરેરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ બિલ (ગુજસીકોક)ને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ પરત મોકલી દીધું હોવાના અહેવાલ મળ્યા છે. પરંતુ આને સમર્થન મળ્યું નથી. ત્રીજી વખત આ બિલને પરત મોકલી દેવામાં આવ્યું છે. ગૃહમંત્રાલય દ્વારા જરૂરી સુધારા વધારા કરવા માટે સૂચના આપવામાં આવી છે. સુધારા વધારા કરવામાં આવ્યા બાદ ફરીથી બિલ રજૂ કરવા માટે ગુજરાત સરકારને કહેવામાં આવ્યું છે. અગાઉ પણ રાષ્ટ્રપતિએ આ બિલને પરત મોકલ્યું હતું. અત્રે નોંધનીય છે કે, ભૂતપૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ બિલ રાજ્ય વિધાનસભામાં પસાર કરીને એક વખતે રાષ્ટ્રપતિને મોકલ્યું હતું પરંતુ આ બિલ મંજુર થઈ શક્યું ન

● અનુસંધાન પાન-૭ પર

# અધિકારીઓ સામે પગલા લેવા નરેન્દ્ર મોદીનો આદેશ

### કસ્ટમ અને એક્સાઈઝ સંબંધિત ફરિયાદો વધી છે : તમામ સચિવોને તેમના વિભાગો માટે આદેશ જારી કરવા સૂચના આપવામાં આવી :જુદી જુદી યોજનાઓની સમીક્ષા

નવીદિલ્હી, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કસ્ટમ અને એક્સાઈઝ સેક્ટર સાથે સંબંધિત લોકો પાસેથી મળી રહેલી ફરિયાદોની વ્યાપક અને ગંભીર નોંધ લીધી છે.સાથે સાથે સંબંધિત અધિકારીઓ સામે કઠોર પગલા લેવાનો આદેશ પણ કર્યો છે. કસ્ટમ અને એક્સાઈઝ સાથે સંબંધિત અધિકારીઓ ફરજ પ્રત્યે વધારે ગંભીર રહે તેવી સૂચના પણ આપી છે. મોદીએ પ્રગતિ મારફતે તેમની નવમી વાતચીત યોજી હતી. જેમાં તમામ સચિવોને લોકો પ્રત્યેની

● અનુસંધાન પાન-૭ પર

# આકરા કરવેરા પછી પણ મિલ્કતવેરાના દર છુપાવ્યા !

### ગાંધીનગર મનપા કમિશ્નરશ્રીએ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં ૧૦ કરોડના વેરા સૂચવ્યા : સફાઈદર બમણો તેમજ ડોર ટુ ડોર કલેક્શન માટે હવે દર રહેણાંક વિસ્તારમાં માસિક રૂ. ૧૦૦ તો વાણિજ્ય વિસ્તારમાં રૂ. ૨૦૦ માસિક દર સૂચવાયો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર મહાનગરપાલિકાના ઈન્ચાર્જ કમિશ્નર શ્રી ડી.એન. મોદીએ સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરેલા ડ્રાફ્ટ બજેટમાં આકરા કરવેરા લાદવાની ભલામણ સાથે બજેટનું કદ ૩૧.૨૮ ટકા વધાર્યું છે.

ઈન્ચાર્જ કમિશ્નરશ્રીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૧૦ કરોડના વેરા સૂચવ્યા પછી પણ મિલ્કતવેરા અંગે અધ્યાહાર રાખવાનો સફળ પ્રયાસ કર્યો છે. જો કે તેમણે તેમના બજેટમાં રૂ. ૩૧.૮૨ કરોડની પુરાંત બતાવી છે. જે રેવન્યુ આવકના ૩૧ ટકા જેટલી થાય છે.

શ્રી મોદીએ તેમના ડ્રાફ્ટ બજેટમાં રૂ. ૧૩૮.૪૩ કરોડના વિવિધ કામો સૂચવ્યા છે. તેમણે સોલાર સીટીના સ્વપ્નને સાકાર કરવા માટે સબસીડી આપવાની જોગવાઈ કરી છે તો નાના ફેરિયાઓ અને સેલ્ફ ગૃપ જો સમયસર લોન ભરપાઈ કરે તો નિયત કરાયેલી રિબેટ યોજનાનો લાભ આપવાની જાહેરાત કરી છે.

સફાઈ ચાર્જ દરમાં વધારાની અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનમાં ચાર્જની દરખાસ્ત કરતાં કમિશ્નરશ્રીએ તેમના બજેટમાં જણાવ્યું છે કે જુન-૨૦૧૪થી સમગ્ર ગાંધીનગર શહેરી વિસ્તારમાં ડોર-ટુ ડોર કચરાનું કલેક્શન દૈનિક ધોરણે શરૂ કરવામાં આવે છે. વધુમાં ૩૦૦ સફાઈ કર્મચારી રોકવામાં આવેલ છે તેમજ સેક્ટરની સફાઈ પણ નવા સાધનો લઈને કરવામાં આવે છે. હાલમાં સફાઈની કામગીરીમાં વધારો થતા વધુ ૨૦૦ સફાઈ કર્મચારીઓની જરૂરિયાત રહેશે. હાલમાં પ્રતિ દિન ૪૫ ટન કચરાનો નિકાલ કરવામાં આવે છે જેમાં દિન પ્રતિ દિન વધારો થનાર છે.

ડોર-ટુ-ડોર કચરા ઉપાડવાની કામગીરી માટે પ્રતિ ટન રૂ. ૧૫૮૧.૦૦નાં દરથી ઈજારાદારને ચૂકવણું કરવામાં આવે છે. તે મુજબ

● અનુસંધાન પાન-૭ પર



### ડ્રાફ્ટ બજેટની મહત્વની વાતો...

- સે-૨૨ ખાતે નવું સીવીક સેન્ટર શરૂ કરાશે.
- ઈવીએમ મશીન માટે નવો સ્ટ્રોંગરૂમ બનશે.
- લાયબ્રેરી બનાવવાનું આયોજન.
- ડમ્પીંગ સાઈટ ખાતે વ્હીકલ માટે સર્વિસ સ્ટેશન બનશે.
- સ્ટાફ કવાર્ટ બનાવવા માટે જમીનની માંગણી કરાઈ.
- ફાયર સર્વિસના આધુનિકરણ માટે વિશેષ જોગવાઈ.
- ઈલે. બસ માટે રૂ. ૨૦ લાખની જોગવાઈ.
- નવિન ટ્રાફિક આઈલેન્ડ ડેવલપ કરાશે.
- મનપા પોતાનું ગેસ્ટ હાઉસ જમીન ઉપલબ્ધ થયે બનાવશે.
- કાઉન્સીલરો માટે વિસ્તાર વિકાસ માટે ૭.૮૫ લાખની જોગવાઈ.
- મોટા બગીચાઓનું રિનોવેશન કરાશે.
- ૪ પ્રકારની વાન સેવાઓ શરૂ કરાશે : કોમ્પ્યુટર એજયુકેશન માટે વાન, વેરા વસુલી માટે વાન, વર્કશોપ વાન, મેડીકલ વાનની સેવાનો સમાવેશ.

### આકારણીના નવા દરનો અધ્યાહાર રાખી આવક વધશે તેવા સંકેત

ગાંધીનગર, તા. ૨૮

મિલ્કત વેરાને લઈ રિસર્વેની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હાલ રૂ. ૫૦ કરોડથી પણ વધુ વેરા વસુલાત બાકી હોવાનો એકરાર કરતાં નાયબ મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે વેરો કારપેટ એરિયા આધારે જ વસુલ કરાશે પણ દર અંગેનો ઉલ્લેખ કરવાનું સતત પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં ટાળ્યું હતું.

ચાર વર્ષે રિવીઝન આકારણીમાં દર વધશે પણ કેટલાને વિશે અંદાજપત્રમાં અધ્યાહાર રાખવા સાથે મિલ્કતવેરાની આવક ૩૦૭૧ લાખ થશે તેમ સૂચવવામાં આવ્યું છે.

આ ઉપરાંત વ્યવસાય વેરા માટે વિશેષ ઝુંબેશની વાત કરાઈ છે તો કેબલ ઓપરેટરો પાસેથી ૩૨ લાખ વેરાની આવકના અંદાજો રજુ કરાયા છે.

# જીટીયુનો પદવીદાન સમારોહ

અમદાવાદ, તા.૨૮

ચાંદખેડા કેમ્પસમાં આજે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના પદવીદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૩૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી જ્યારે બે વિદ્યાર્થીઓને પીએચડીની ડિગ્રી આપવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યપાલ ઓમ પ્રકાશ કોહલીએ પણ પોતાના અભિપ્રાય વ્યક્ત કર્યા હતા. કોહલીએ કહ્યું હતું કે, ભારત દેશ અત્યારે પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. યુવા શક્તિતે રૂપાંતરનો મુખ્ય આધાર બનશે. યુનિવર્સિટીઓ જે પદવી આપે છે તે કંઈ ફકત કારકિર્દી ઘડતર પૂરતી જ મર્યાદિત હોતી નથી. તેનો હેતુ વિદ્યાર્થીનું જીવન પરિવર્તન, સમાજનું રૂપાંતર અને દેશનું રૂપાંતર કરવાનો છે. આજે ગુજરાતના રાજયપાલ ઓમપ્રકાશ કોહલીએ વ્યક્ત કર્યા હતા. તેમણે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં અધ્યક્ષપદેથી વકતવ્ય આપતા વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું.

તેમણે જણાવ્યુ હતું કે ટેકનોલોજીને કારણે આપણા જીવનમાં મોટાપાયે ફેરફારો થયા છે. તેમાંયે વૈશ્વિકીકરણને લીધે આપણે ગળાકાપ સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે. જ્ઞાનના ક્ષેત્રે ક્રાંતિ અને ટેકનોલોજી વિકાસના પ્રેરકબળ બની રહેશે. જીટીયુ ઘણી મોટી યુનિવર્સિટી છે, જેની સાથે ૪૮૬ કોલેજો સંકળાયેલી છે. એક જમાનામાં નાલંદા, તક્ષશીલા અને વિક્રમ યુનિવર્સિટીમાં દુનિયાભરમાંથી વિદ્યાર્થીઓમાં વિદેશ અભ્યાસ કરવા જવાનો ક્રેઝ ઊભો થયો છે. એટલા માટે જ તેઓ મેઈક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટ અપ અને ઈનોવેશનને લગતા કાર્યક્રમો લાવ્યા છે.




હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

શ્રેષ્ઠ ગુણવત્તા, મજબૂતી બેજોડ,
મનોહર આકાર, રંગોમાં અજોડ
ગાંધીનગરમાં **સર્વશ્રેષ્ઠ** પેવર બ્લોક્સ
અને તે પણ સૌથી **વાજબી** કિંમતે
આંગણું રળિયામણું અને
માર્ગ મખમલી બનાવો, વિશ્વા પેવર્સ પથરાવો...
vishwa paver
યોગેશભાઈ : Ph. 97374 55555
મહેશભાઈ : Ph. 98797 88875
Manufacturer of all types of Paver Block, Rubber Mould & Curbing Stones
Grey Paver Blocks (Per Brass) Rs. 1,800
Red Paver Blocks (Per Brass) Rs. 2,200
Yellow Paver Blocks (Per Brass) Rs. 2,300
વિશ્વા પેવર્સ : પાર્શ્વનાથ સ્ટોન એન્ડ માર્બલ
પ્લોટ નં. ૪૧૩, જીઆઈડીસી એન્જિનિયરિંગ એસ્ટેટ, વુડલેન્ડ ફર્નિચરની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર.
PARAM